EDII

Sandesh (Suppl.: Citylife)

September 9, 2023
Page No. 6

### EDIIના ડો. વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચરમાં ડો. સુનીલ શુક્લાએ કહ્યું,

# આંત્રપ્રિન્યોરશિપે કારકિર્દીના વિકલ્પથી લઈને વિકાસના સાધન તરીકેની લાંબી સફર કરી છે

## EDIIમાં 'આંત્રપ્રિન્યોર: અ નેશન બિલ્ડર' વિષય પર સેશન યોજાયું

**સિટી લાઇફ** જાણીતા આંત્રપ્રિન્યોર પીરુઝ ખંભાતાનું આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા આયોજિત વાર્ષિક ડૉ. વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચર આપ્યું હતું. આ સિરીઝનું પાંચમું વ્યાખ્યાન 'આંત્રપ્રિન્યોર: અ નેશન બિલ્ડર' વિષય પર હતું. આ પ્રસંગે નેશનલ આંત્રપ્રિન્યોર ટ્રેનર/એજ્યુકેટર/મેન્ટર એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વાત કરતા ઈડીઆઈઆઈના ડૉ. સુનીલ શુક્લાએ કહ્યું કે,આંત્રપ્રિન્યોરશિપે એક લાંબી મંજિલ કાપી છે. જેમાં તેને કારકિર્દીના વિકલ્પ તરીકે અપનાવવામાં મૂંઝવણથી માંડી આજે એક મજબૂત વિકાસના સાધન તરીકે અપનાવવા સુધીની લાંબી મુસાફરી કરી છે. હું ડૉ. વી.જી. પટેલ દ્વારા માર્ગદર્શન મેળવીને આ ચળવળનો ભાગ બનીને ખુશ છું. આજે દેશ અર્થતંત્ર, રાષ્ટ્ર અને તેના લોકોને થતા ફાયદાઓને ધ્યાનમાં રાખીને ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગસાહસિકતા પર ભાર મૂકવામાં આવ્યો છે. ઈડીઆઈઆઈ વિશાળ પ્રમાણમાં ઉદ્યોગસાહસિકતા દ્વારા વૃદ્ધિની આ પ્રક્રિયામાં અર્થપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.